જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૧/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૧૪૮ લીટર દેશી દારૂ, ૯૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૦ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૩૮,૨૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૫/૨૦૨૬**

દાણીલીમડાઃ જાકીરહુસેન ઉર્ફે જાબીરખાન સ/ઓ મોટેખાન પઠાણ (ઉ.વ.૬૦) (રહે. જીતુભગત કંપાઉન્ડ શાહઆલમ દાણીલીમડા) એ તા.૦૩/૦૧/૨૦૨૬ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૧૧/૨૦૨૫ થી તા.૦૩/૧૨/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૮૫૧૧૭૯૨૨૩૧ ના ધારકે જાકીરહુસેન ઉર્ફે જાબીરખાન પઠાણ નાઓને ફોન કરી તેમની વિરૂધ્ધ અરજીઓ કરી ખોટા કેસમા ફસાવવાની ધમકી આપી પૈસાની માંગણી કરી ઓનલાઈન રૂપિયા ૬૫,૦૦૦/– કઢાવી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.વાળા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૬/૨૦૨૬**

બોડકદેવઃ સીગ્મા કોર્પોરેટ હાઉસ, ઓફીસ નં–૩, યુ.બી. હેરીટેજ નામની ઓફીસમાં બજરંગ ચાર રસ્તાની બાજુમાં બોડકદેવ ખાતે રહેતા વિવેક સ/ઓ કોમલ સેન (ઉ.વ.૨૭) (મુળ વતન. ગામ જેસીનગર, તલાપાર વીસ્તાર, થાના. જેસીનગર જી. સાગર મધ્ય પ્રદેશ) નાઓ તા.૦૩/૦૧/૨૦૨૬ કલાક ૧૨/૨૫ વાગ્યા પહેલા સોલા બ્રીજની બાજુમા ટ્રેઈનની અડફેટ આવી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પ્રો.મ.સ.ઈ.શ્રી. રાધિકાબહેન નારણભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી